**ફો.કે. નં. ૧૩૩૭/૨૦૨૬**

**આંકઃ ૧ લગત હુકમ**

૧. સદર કામે આરોપી સામે **પ્રોહિબિશન એક્ટની કલમ – ૬૫ (એ) (એ)** મુજબનું ચાર્જશીટ રજૂ કરવામાં આવતા, સમન્સ કરતા આરોપી હાજર થયેલ છે, ગુના બાબતે આરોપી પોતાની મરજી અને સ્વેચ્છાએ સદર ગુનો કબુલ કરવાનું જણાવે છે અને તે બાબતે તેઓએ પોતાની ગુના કબુલાત પુરસીસ આ કામે રજૂ રાખેલ છે. જેથી આરોપી સ્વૈચ્છીક કબુલાત કરતા હોવાનું ફલીત થાય છે.

૨. નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા STATE OF GUJARAT V/S NATWAR HARCHANDJI THAKOR, 2005 (1) GLR 709 ના ચુકાદામાં એવું પ્રસ્થાપિત કરેલ છે કે The word "special" has to be understood in contradiction to word "general" or "ordinary". It becomes apparent and unquestionable from the language employed in the proviso that the reasons to be recorded in writing in judgment for less than the minimum sentence, on the ground of presence of special and adequate reasons in the light of sentencing process must be special and adequate to the circumstances in a given case and peculiar to the accused in each case. It is, therefore, very clear that the discretionary jurisdiction empowered in the trial Magistrates must be based on and in presence of special and adequate reasons to the contrary to be mentioned in the judgment of the Court for each case and each accused (para 42 see also paras 35, 43 and 44) જે પ્રસ્થાપિત સિદ્ધાંતને હાલનાં કેસની હકિકત સાથે લક્ષમાં લેવામાં આવે તો, હાલના જે આરોપી દ્વારા કબુલાત કરવામાં આવે છે, તેમની સામે કાયદામાં પ્રસ્થાપીત કરેલ જોગવાઈ કરતા, ઓછી સજા કરવી મુનાસીફ જણાય છે.

૩. સદર કેસનું રેકર્ડ તથા ફરીયાદ પેપર્સ ધ્યાને લેતા તેમજ આરોપીની આર્થિક સ્થિતિ તથા સદર ગુના અંગે દયાની માંગણી જોતા આરોપીને સજા કરતી વખતે ઉદાર વલણ રાખી સુધરવાની તક આપવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ જણાતું હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– ઃ આખરી હુકમ ઃ–**

આ કામના આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ૨૦૨૩ ની કલમ ૨૭૫ મુજબ તકસીરવાન ઠરાવી, **પ્રોહિબિશન એક્ટની કલમ – ૬૫ (એ)(એ)** મુજબના ગુના અન્વયે **રૂ. ૬૦૦/– (અંકે રૂપિયા છ સો પુરા) નો દંડ** કરવામાં આવે છે. જો **આરોપી દંડની રકમ ન ભરે તો આરોપીને દિન–૨ ની સાદી કેદની સજા** ભોગવવાનો હુકમ કરવામાં આવે છે. મુદ્દામાલ દારૂનો અપીલ સમય વીત્યેથી નિયમ અનુસાર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ ૧૧/૦૭/૨૦૨૬
સ્થળઃ ઉના

(નીરજ કુમાર યાદવ)
બીજા એડી. ચીફ. જ્યુડી. મેજીસ્ટ્રેટ,
ઉના